
# કમોસમી વરસાદથી અરવલ્લી જિલ્લામાં કરોડોનું નુકશાન

## બાયડમાં કરા સાથે વરસાદ : માલપુર તાલુકામાં એક પુરૂષ અને બાયડ તાલુકામાં મહિલાનુ મોત







(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૨

કુદરતની માર જયારે પડે છે ત્યારે અરછા અરછા પાણી ભરતા થઈ જાય છે છેલ્લા કેટલાય દીવસો થી જાણે ગુજરાત રાજય પર અને અરવલ્લી જીલ્લા ના ખેડુતો પણ જાણે કુદરત રૂઠી હોય તેમ કમોસમી માવઠા ને લઈ ને જગત ના તાત ને ચિંતા માં મુકી દીધો છે.

ગઈ કાલે વાવાઝોડા એ સાગ્ર અરવલ્લી જીલ્લા ને ઘમરોડી મુકયુ હતુ સમગ્ર ઉત્તર ગુજરાત માં પવન ફુકાવાની સાથે અરવલ્લી જીલલા ના મોડાસા બાયડ ધનસુરા માલપુર મેઘરજ માં કરા સાથે વરસાદ વરસ્યો હતો અને કેટલાય મકાનો ના છાપરા ઉડીગયા હતા જયારે ધુળની ડમરીઓ એ સમગ્ર અરવલ્લી જીલ્લા ને ઘમરોડી નાખ્યુ હતુ જયારે બીજી બાજુ ઘઉની લણણી ના બાકી હોઈ ખેડુતો ને પણ અચાનક વરસેલા વરસાદ અને કરા ને કારણે રાતા પાણી એ રોવાનો વારો આવ્યો હતો જયારે બીજી બાજુ ગઈ કાલે ફુકાયેલા વાવાઝોડા ના કારણે જીલ્લા માં અસખ્યા ઝાડ પડી જવાને કારણે રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા ત્યારે મોડાસા બાયડ અને માલપુર જેવા શહેરો માં જાહેરાતો ના લગાવેલા મોટા મોટા હોડીગ્સ પણ ધરાશઈ થઈ ગય હતા.

ખેડુતો પર કુદરત રૂટી હોય તેમ એક જ માસ માં ત્રણ તરણ વાર કમોસમી માવઠા ના કારણે અરવલ્લી જીલ્લા ના ખેડુતો ને વ્યાપકક નુકશાન થવા પામ્યુ છે. ત્યારે આ કમોસમી માવઠા ને કારણે પડેલી માર ને કારણે



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)



જગત નો તાત સરકાર પાસે મદદ ની ગુહાર લગાવી રહયો છે.

અરવલ્લી જીલ્લા માં ખેડુતો એ ચાલુ વર્ષે રવિ સીઝન માં ઘઉના પાક નુ વાવેતર બે પાદડે થવાની આશા સેવી રહયો હતો જયારે પાક તૈયાર થઈ ગયો ત્યારે કમોસમી વરસાદ માવઠા ની કળ વડે તે પહેલા ફરી પાવુ કમોસમી વરસાદ અને માવઠા ને કારણે ખેડંતો ની જાણે માઠી દશા બેઠી હોય તેવુ લાગી રહયુ છે. સમગ્ર જીલ્લા માં ઘઉ બાજરી મકાઈ જેવા પાક નો સોથ વડી ગયો છેત્યારે પડતા પર પાટુ વાગ્યુ જેવી દશા ખેડુતો ની થઈ છે. અને ખેડુતો સરકાર પાસે મદ ની ગુહાર લગાવી રહયા છે.

જયારે ગઈ કાલે અચાનક વાતાવરણ માં આવેલા પલટા ના કારણે પુરપાટ ઝડપે વાવાઝોડુ ફુકાયુ હતુ જેમાં માલપુર ત્ગામે આવેલી એક ફેકટરી નો મજુર છત માં બાખોરૂ પુડવા ચડયો હતો તે સમયે અચાનક વાવઝોડુ ફુકાતા વાપરા પર થી પટકાતા મજુર નુ મોત નીપઝયુ હતુ તો બીજી બાજુ બાયડ તાલુકા ના વાઘવલ્લા ગામે બળદ બાધજવા જતી વખતે વાવઝોડુ ફુકાતા એક ૬૭ વર્ષીય મહિલા બાલુબેન અમરસિંહ ઝાલા ઉપર વાવાઝોડા ના કારણે મકાન નુ છાપરુ ઉડી પડતા મહિલા નુ મોત નીપઝયુ હતુ.

જયારે આજે બપોર બાદ ફરી થી કુદરતે કહેર વરસાવ્યો હોય તેમ ફરી થી વાતાછરણ માં પરલટો આવતા અરવલલી જીલ્લા ના બાાયડ તાલુકા માં કરા સાથે જોરદાર વરસાદ વરસ્યો હતો અને જાણે રોડ ઉપર કરા ની ચાદર છવાઈ ગઈ હોય તેવુ દર્શય દેખાયુ હતુ તો બીજી બાજુ બાયડ તાલુકા ના રડોદરા ગામે ઝાડ પડવાને કારણે એક ગાય નુ પણ મોત નીપજતા ખેડુત મુશ્કેલી માં મુકાઈ ગયો હતો ત્યારે વાવઝોડા ના કારણે કેટલીય જગ્યાએ વીજ થાભલા અને તાર તુટી જવાને કારણે કેટલાય ગામો માં અંધારપટ છવાઈ ગયો હતો.

## પાલનપુર ખાતે બનાસકાંઠા પાટણના હાજીઓનો ટ્રેનીંગ કેમ્પ યોજાયો

પાલનપુર, તા.૧૨

હજ ૨૦૧૫ના વર્ષ માટે કન્ફર્મ થયલા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના હાજી સાહેબોનો ટ્રેનીંગ કેમ્પ આજે બપોરે પાલનપુરના કાનુભાઈ મહેતા હોલ ખાતે યોજાયો હતો.

ગુજરાત હજ કમિટી દ્વારા કન્ફર્મ થયેલા રાજયના હજ કમિટીના વિરાસત અલી સૈયદે ખાસ હાજર રહી હજયાત્રીઓને આરોગ્ય લક્ષી-લગેજ બાતે તથા સાઉદી અરેબીયાના કાનુન અંગેની જરુરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ. હજના અરકાન અંગે મ. અબ્દુલ કુદુસ સાહેબ તથા અકબર વદાણીવાળાએ જરુરી માર્ગદર્શન આપેલ. ટ્રેનીંગ કેમ્પમાં બનાસકાંઠા અને પાટણના ફીલ્ડ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હજયાત્રીઓને નિયમ મુજબ હજ તાલીમ લેવી ફરજીયાત હોઈ તેના ભાગરૂપે પાલનપુર ખાતે આજે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના હાજી સાહેબોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે માસ્ટર ટ્રેનર તરીકે ગુજરાત ટ્રેનરોએ પણ જરુરી માર્ગદર્શન આપેલ. દરમિયાન સમગ્ર ટ્રેનીંગ કેમ્પનું આયોજન પાલનપુરના સદભાવના ટ્રસ્ટના પ્રમુખ સરફરાજ સિંધી તથા તેમના મેમ્બરો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## અરવલ્લી કલેક્ટર કચેરીમાં જાળવણીના અભાવે તમામ પ્લાન્ટેશન મૃતપાય



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૨

સમગ્ર દુનિયામાં પર્યાવરણની જાળવણીના અભાવે ક્લાઈમેન્ટ ચેન્જથી વાતાવરણમાં વારંવાર ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે. અને ક્લાઈમેન્ટ ચેન્જથી કુદરતી આફતો સામે માનવી લાચાર બની બેબાકળો બની જાય છે. જેથી પર્યાવરણવિદો વૃક્ષો વાવવા અને વૃક્ષોની જાળવણી કરવા માટે ભાર મુકી રહ્યા છે. ત્યારે ભારતદેશ અને ગુજરાત રાજ્ય સરકાર પર્યાવરણ પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં કલેક્ટર ઓફીસ જવાના માર્ગ પર કુંડામાં રાખવામાં આવેલા છોડ પાણી અને યોગ્ય જાળવણીના અભાવે મૃતપાય હાલતમાં છે.

રાજ્ય સરકાર દ્વારા ૨૧ માર્ચે ઉજવણી કરેલા આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજણી સમગ્ર રાજ્યમાં કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર ઓફિસમાં સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રી દ્વારા વૃક્ષોની જાળવણી, વૃક્ષારોપણ અને વૃક્ષોનું છેદન થતુ અટકાવવા અને પર્યાવરણની જાળવણી કરવા જિલ્લા કલેક્ટર શ્રી છાકછુઆકના અધ્યક્ષ સ્થાને સેટકોમ દ્વારા સંવાદ કરવામાં આવ્યો હતો અને જિલ્લા કલેક્ટરે વિવિધ સંસ્થાઓને પર્યાવરણ જાળવવા અપીલ કરવાની સાથે લાયન્સ પરિવાર સંચાલિત બેહરામૂંગા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. ત્યારે 'દિવા તળે અંધારૂ' જેવી સ્થિતિ અરવલ્લી જિલ્લા કલેક્ટર ઓફિસમાં પેદા થઈ છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટરના ઓફિસ અને કોન્ફરન્સ રૂમની સામે આવેલી સીડીમાં માટીના કુંડાઓમાં મુકવામાં આવેલ છોડ યોગ્ય જાળવણીના અભાવે મૃતપાય હાલતમાં છે. અરવલ્લી જિલ્લા કલેક્ટર શ્રી છાકછુઆક પણ આ સીડીનો ઉપયોગ પોતાની કલેક્ટર ઓફિસમાં આવન-જાવન કરતા હોવા છતાં નજરે ન ચડતાં તેમજ અન્ય અધિકારીઓ કે કર્મચારીને પણ પર્યાવરણની કે છોડની માવજત કરવામાં કે કરાવવામાં કોઈ જ રસ ના હોય તેવુ લાગી રહ્યું છે. અને પર્યાવરણની જાળવણી કરવાની વાતો કરવા વાળા સૌ પોતાના કામોમાં વ્યસ્ત છે. આગામી ૨૦ એપ્રિલે કૃષિ મહોત્સવનો પ્રારંભ મુખ્યમંત્રી આનંદીબેનના વરદહસ્તે મોડાસા શહેરથી થઈ રહ્યો હોઈ અરવલ્લી જિલ્લામાં જોરદાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે કલેક્ટર ઓફીસ અને આયોજનપંચની ઓફિસ આગળ મુકેલ કુંડાઓના છોડને પાણી અને યોગ્ય જાળવણી વડે જીવનદાન મળશે કે પછી ભર ઉનાળે પાણીના અભાવે છોડવાઓનું બાળમૃત્યુ થશે તે જોવુ રહ્યું.

## પ્રાંતિજ નજીક કારે પલ્ટી મારી ચારનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે નજીક તા. ૧૧મી સાંજના કોઈ મોટા માથાના નબીરાઓ દારૂ ઢીંચીને કાર હંકારતાં આ કાર રોડની બાજુની ખાઈમાં પલ્ટી ખાઈ જતાં ગાડીને નુકશાન થયું હતું. તો દારૂના નશામાં ચકચૂર બની ગયેલા આ ચાર નબીરા બચાવકારોને ગાળો ભાંડતા માંડ માંડ મામલો થાળે પડયો હતો તો લાચાર પોલિસે પણ કોઈક મોટા માથાના ફોનના ઈશારે દારૂનો કેસ કરવાનું ટાળી નબીરાઓને જવાનો મોકળો માર્ગ મળ્યો હોવાની ચર્ચા ચૌરે ને ચૌરે ચર્ચાતી હતી.

દારૂના નશામાં ચકચૂર આ ચારેય નબીરા ચેન ચાળા સાથેગાડી હંકારતાં ઘટના સ્થળેથી નિકળી ગયા હતા. આ બનાવ બન્યો હોવાનું લોકો જણાવતા હતા તો કોઈક દારૂની બોટલ, દારૂની કોથળી કોઈ ગરીબ પાસેથી મળે તો દારૂનો કેસ બનાવાય છે જયારે દારૂ ઢીંચીને આડેધડ વાહન હંકારી પલ્ટી મારેલ આ મોંઘીદાટ ગાડીમાં દારૂ ઢીંચવાના પુરાવા હોવા છતાંય પોલીસે કેમ આમ કર્યું તેનો પ્રશ્ન નગરમાં ચગ્યો છે કે ન્યાય-નિતી સહુ ગરીબને અને મોટા ને બધુંય માફ....ની વાતો થઈ રહી છે.

## દીધીયામાં સાસરીયાના ત્રાસથી કંટાળી પરિણિતાએ ફરિયાદ નોંધાવી

દીધીયા ગામના પગી કોદરભાઈ ઘનાભાઈની દિકરી અરૂણાબેને દીધીયા ગામમાંજ ભુરાભાઈ ડાલીના પુડા વિપુલ સાથે આજથી પાંચ વર્ષ અગાઉ પરણાવી હતી. તેમના સુખી સંસારના ફળ સ્વરૂપ ત્રણ સંતાન પ્રાપ્ત થયા હતા પણ થોડા સમયથી અરૂણાબેન ડાભી સાથે તેનો પતિ, સાસુ જમનાબેન કામની બાબતમાં ઝગડા કરતા હતા. અવારનવારના ઝઘડા અને કામની બાબતમાં ઝઘડા કરતા હતા. છેલ્લા ચાર દિવસથી ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી લાકડી વડે હાથે ઈજાઓ પહોંચાડી ઘરમાંથી કાઢી મુકી હતી જેથી અરૂણાબેને શનિવારે તેના પતિ અને સાસરીયા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## કમોસમી વરસાદ-વાવાઝોડાના લીધે પ્રાંતિજ તાલુકામાં કરોડોનું નુકશાન

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં વાવાઝોડાં-વંટોળ-વરસાદના કારણે કિસાનોને કરોડો રૂપિયાની નુકશાની વેઠવાની નોબતો આવતાં કિસાનો બેહાલ બની ગયાનો અહેસાસ કરી રહ્યા છે.

તા. ૧૧મી એપ્રિલના રોજ એકાએક અતિશય વાવાઝોડું-વંટોળ અને વરસાદ, ખાબકી આવતા કિસાનોએ વાવેતર કરેલ ઘઉં, એરંડા, શાકભાજી સહિતના પાકો ઉપરાંત કેરીના પાકને વ્યાપક નુકશાન પહોંચ્યું છે ને ખેડૂતના મોઢામાં આવેલો કોળીયો છીનવાઈ ગયો છે ત્યારે સરકારે તાત્કાલિક પાક નુકશાનની રકમ તેમજ બેન્કો સહકારી મંડળીઓના કર્જ રાહતનાં પગલાં ભરી જગતના તાતની વહારે આવવાની માંગો ખેડૂતોની ઉઠવા પામી છે.

કિસાનોના ખેતરોમાં તૈયાર થયેલ ઘઉ જમીન દોસ્ત થઈ ગયા છે ઘાસ પાણીના કારણે પલરી ગયુ છે. શાકભાજીના કેટલાક પાકો કોહવાઈ ગયા છે. માડવાવાળા વેલાવાળા શાકભાજી પડી જઈ છોડ નીકળી ગયા છે તો વૃક્ષો જમીન દોસ્ત થઈ ગયા છે. જ્યારે ઈંટો ઉત્પાદકોને પણ કમોસમી વરસાદ પડતા પાડેલ નવીન ઈંટો ધોવાઈ ગઈ છે અને લાખ્ખોનું નુકશાન થયું છે. જ્યારે કાચા મકાનોના છાપરા ઉડી ગયા છે. ભીંતો પડી જવાના બનાવો બન્યા છે. ત્યારે કિસાન તેમજ ગરીબ-મધ્યમ વર્ગનો માણસ પણ જાય તો કહા જાયનો ખેલ કુદરતના આ કેરથી ખેલાઈ ગયો છે. ત્યારે સરકાર ગરીબ વર્ગ કિસાન વર્ગની વહારે આવી યોગ્ય કરે તે જરૂરી છે.

## પાલનપુરમાં ૧૦૧ વર્ષના ભાગ્યશાળી ધર્મીબેન માટે માતૃવંદના કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૨

આપણી સંસ્કૃતિ માટે દ્દષ્ટાંતરૂપ એવો માતૃવંદનાનો અદભૂત સમારોહ પાલનપુરના જહાંનારા બાગ પાસે સ્થિત બ્રહ્મર્ષી ભવનમાં યોજાયો હતો. જેમાં ૧૦૧ વર્ષના ધર્મીબેન ચીમનલાલ જોષીનું પરિવારજનોઅનેસમાજના અગ્રણી દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ધર્મીબેનના તંદુરસ્ત દિર્ઘાયુષ્ય માટે સર્વે ઉપસ્થિત મહાનુભાવો અને પરિવારજનો દ્વારા હનુમાન ચાલીસાના સામુહિક પાઠ કરવામાં આવ્યા હતા. બાદમાં શ્રીફળ શાલ ઓઢાડી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. જીવતા જગતીયુ કર્યુ હતુ.

## ઊંઝામાં બંધ મકાનમાંથી ૯૦ હજારની મત્તાની ચોરી

ઊંઝા, તા. ૧૨

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ સોસાયટીના એક બંધ મકાનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો સોના-ચાંદીના દાગીના રોકડ રકમ અને મહત્વના દસ્તાવેજો મળી કુલ ૯૦,૦૦૦ રૂપિયાની મત્તાની ચોરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે પાટણ રોડ પર સૌમ્ય વિલા બંગ્લોઝના બંગલા નંબર ૧૫માં રહેતા નિવૃત્ત શિક્ષક ડાહ્યાભાઈ ઈશ્વરદાસ પટેલ તા. ૧૦-૪-૨૦૧૫ના રોજ મકાન બંધ કરીને સામાજીક કામ અર્થે પોતાના વતન ઉનાવા નજીકના સુરપુરા ગામે ગયા હતા ત્યારે રાત્રીના સમયે કોઈ તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી નાંખી અંદર પ્રવેશ કર્યો હતો ત્યાર બાદ તિજોરી કબાટમાંથી રૂપિયા વીસ હજારની રોકડ રકમ, ચાર હજારની રોકડ પરચુરણ, સોનાનો દોરો, વિંટી, ચાંદીની સેરો, મહત્વના કાગળો અને ફાઈલો મળી કુલ નેવું હજારની કિંમતની મત્તાની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧